# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

બ્લોક નંબરઃ-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**By Mail** **ક્રમાંકઃ** પ્રાશિનિ/વિસભ/ક.૧/કે.નિ./રોસ્ટર/૨૦૨૪/૧૪૮૯-૧૫૦૦

**તા.**૨૬/૦૭/૨૦૨૪

**પ્રતિ,**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ

**વિષયઃ મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩) બઢતીનાં માંગણા પત્રક મોકલી આપવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩)નાં રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા અંગેના કેમ્પનું તા.૦૯/૦૧/૨૦૨૪ થી તા.૧૧/૦૧/૨૦૨૪ સુધી તેમજ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ અત્રેની કચેરીમાં જિલ્લા તથા નગર શિક્ષણ સમિતિનાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તમામ જિલ્લા તથા નગર શિક્ષણ સમિતિનાં રોસ્ટર રજીસ્ટ પ્રમાણિત કરવામાં આવેલ છે.

મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩)ની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા(Special Competitive Exam) દ્વારા બઢતીથી જગ્યાઓ ભરવાની હોય અને તેમની પરીક્ષા અંગેની જાહેરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને આપવાની થતી હોય આપના જિલ્લામાં ભરવાની થતી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા(Special Competitive Exam) દ્વારા બઢતીની જગ્યાઓના માંગણા પત્રક સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ પવસ-૧૦૨૦૧૯-૨૨૩-ગ-૪, તા.૨૫/૦૬/૨૦૧૯ નાં પરિશિષ્ટને ધ્યાનમાં રાખી આપના જિલ્લાના રોસ્ટર પોઈન્ટ, આપના પ્રમાણિત કરેલ રોસ્ટર રજીસ્ટરના પરિશિષ્ટ-૩, પત્રક-અ, બ, ક ને ધ્યાને રાખી આપના દ્વારા પુરતી ચકાસણી કરી આ સાથે સામેલ પત્રકમાં આપના જિલ્લામાં મદદનીશ કેળવણી નિરીક્ષક ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા(Special Competitive Exam) દ્વારા બઢતીથી ભરવાની થતી જગ્યાઓ પૈકી હાલ ખાલી જગ્યાઓ છે તે જગ્યાઓની ભરવાની થતી જગ્યાઓ આ સાથે સામેલ પત્રક તા.30/૦૭/૨૦૨૪ સુધીમાં અત્રેની કચેરીની મહેકમ શાખામાં રૂબરૂ રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં, બિડાણ સાથે આપના રોસ્ટર રજીસ્ટરનું **પરિશિષ્ટ-૩, પત્રક-અ, બ, ક ની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ** જોડવાની રહેશે.

**માન.નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજુરી અનુસાર...**

**નોંધઃ** અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/મકમ/ક.૧/કે.નિ./૨૦૨૩/૩૮૯૨-૩૯૧૫, તા.૦૭/૧૨/૨૦૨૩ ના પત્રના પત્રકમાં દર્શાવેલ બઢતીથી મંજુર થયેલ જગ્યાઓ કરતાં વધે નહી તે ધ્યાને લેશો.

**(ડૉ. એમ. એન. પટેલ)**
**સંયુક્ત શિક્ષણ નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ.રા., ગાંધીનગર**

**બિડાણઃ** ઉપર મુજબ

E:\Mahekam\2024\MKM\TPEO\TPEO & Ke.Ni. Letter.docx 11

Scanned with CamScanner

## મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ–૩) ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા(Special Competitive Exam) દ્વારા ભરપાત્ર જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

**જિલ્લા/નગર શિક્ષણ સમિતિનું નામ :**

| ક્રમ | મદદનીશ કેળવણી નિરીક્ષકની કુલ મંજુર જગ્યાઓ | | | તે પૈકી બઢતીથી ભરાયેલ જગ્યાઓ | બઢતીની ખાલી જગ્યાઓ | કક્ષાવાર ભરવાપાત્ર બઢતીની જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | સીધી ભરતી | બઢતી | કુલ | | | અનુજાતિ (SC) | અનુ જનજાતિ (ST)- | બિન અનામત (GEN.) | કુલ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

## પ્રમાણપત્ર

ઉપરોક્ત માહિતી મારા દ્વારા રોસ્ટર રજીસ્ટરની રેકર્ડ પરથી ખરાઈ કરીને આપવામાં આવે છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

....................................

જિ. ........................



Scanned with CamScanner